શ્રી દીનદયાળ સ્મૃતિ ટ્રસ્ટ સંચાલિત શાળા શ્રીમતી ડી.આર.રાણા વિદ્યાસંકુલ

શિક્ષકો જોઈએ છે

ક્રમ	વિભાગ	જગ્યાનું નામ	મુખ્ય વિષય	શૈક્ષણિક લાયકાત
૧	બા.વિ.	વિ.સહાયક	---	પ્રિ.પી.ટી.સી.
૨	પ્રા.વિ.	વિ.સહાયક	---	પી.ટી.સી.,બી.એ.,/બી.કોમ.,બી.એડ્.
૩	પ્રા.વિ.	વિ.સહાયક	અંગ્રેજી	બી.એ./એમ.એ.,બી.એડ્/એમ.એડ્.
૪	ઉ.પ્રા.વિ.	વિ.સહાયક	ગણિત	બી.એસસી.,/એમ.એસસી.,બી.એડ્./એમ.એડ્.
૫	મા.વિ.	શિ.સહાયક	સંસ્કૃત	બી.એ./એમ.એ.,બી.એડ્/એમ.એડ્.

ઉપરોક્ત નોનગ્રાન્ટેડ (ગુજરાતી માધ્યમ) શાળા માટે જૂન-૨૦૨૬થી શિક્ષકો જોઈએ છે. ઉપર મુજબની લાયકાત ધરાવનાર ઉમેદવારોએ સંપૂર્ણ બાયોડેટા, પ્રમાણિત કરેલ માર્કશીટ, પ્રમાણપત્ર, તથા અનુભવના પ્રમાણપત્ર સહિતની અરજી તા. ૩૦/૦૧/૨૦૨૬ સુધીમાં કામકાજના દિવસો દરમ્યાન સવારે ૮:૦૦ થી ૪:૦૦ દરમ્યાન નીચેના સરનામે રૂબરૂ અથવા ટપાલ દ્વારા પહોંચતી કરવી.

ગુ.હા.બોર્ડ, પાલનપુર પાટિયા, રાંદેરરોડ, સુરત-૫. — ફકીરભાઈ સી. ચૌહાણ (મેનેજીંગ ટ્રસ્ટી)

પંજાબ નૈશનલ બૈંક punjab national bank ...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

તુલસી કૃપા આર્કેડ (ચોથો માળ) આઈ માતા ચોક, સુરત, બારડોલી રોડ, સુરત – ૩૯૫૦૧૦ ફોન : ૦૨૬૧-૨૭૦૧૦૨૦ ૨૧/૨૨ email : cosuratsamd@pnb.bank.in

સુધારો

તા.૧૬.૦૧.૨૦૨૬ ના રોજ 'ગુજરાતમિત્ર' દૈનિક અખબારમાં પ્રસિદ્ધ થયેલ તા. ૧૮.૦૨.૨૦૨૬ ના રોજની સ્થાયી મિલકત નું ઈ-હરાજી થી વેચાણ ના સંદર્ભમાં જણાવવાનું કે, અ.નં. ૭ વાપી જીઆઈડીસી ના દેવાદારો મો.જૈનુદ્દીન મોહમ્મદફરીદ ખાન , અને શ્રીમતી સહારૂન નીશા ની મિલકત નું વર્ણન માં ૫માં માળ નો ફ્લેટ નં. એ-૫૦૨ ભુલ અને શરત ચૂક થી ખોટુ છપાયેલ છે જે સુધારી ને ૪થો માળ નો ફ્લેટ નં. એ-૪૦૨ વાંચવી.

આ ઈ-હરાજીની બીજી બધી વિગતો યથાવત રહેશે.

તા.૧૭.૦૧.૨૦૨૬ I સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત કેડીટર

બૈંક ઑફ બડૌદા Bank of Baroda

ખાંડ બજાર શાખા : વરાછા પોલીસ સ્ટેશન સામે, વરાછા રોડ, સુરત. ફોન નં.(૦૨૬૧) ૨૫૪૪૫૮૫ E-Mail Id : khasur@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ દેવાદાર ને નોટીસ

પ્રતિ, **૧. શ્રી પીયુષ ગીરધરભાઈ સીરોયા (દેવાદાર અને ગીરવેદાર), અને ૨. શ્રીમતી સુનીતાબેન પીયુશભાઈ સીરોયા (સહ–દેવાદાર) :**
(એ) ૩૫૪ લક્ષ્મીનગર વિભાગ–૨, ઈશ્વરકૃપા રોડ, ઈશ્વરકૃપા રોડ નજીક, સુરત– ૩૯૫૦૧૦
(બી) પ્લોટ નં.૨, મીરા રો હાઉસ, બાપાસીતારામ વિલા પાછળ, સાંઈ આર્કેડ નજીક, રંગોલી ચોકડી, સાયણ કઠોર રોડ, વેલંજા, કામરેજ, સુરત– ૩૯૪૧૫૦.

મહેરબાનશ્રી,
વિષય : અમારી ખાંડ બજાર શાખા માંથી મેળવેલ ક્રેડીટ સુવિધા.

અમારા **તા.૧૫.૧૦.૨૦૨૨** ના રોજના પત્ર ક્રમાંક : Retail-00001544234 માં જણાવ્યા મુજબ બેંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારી ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોકત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ	વ્યાજનો દર	૦૭.૧૨.૨૦૨૫ના રોજની બાકી	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
બરોડા હોમ લોન ખાત નં. ૦૭૩૯૦ ૬૦૦૦૦ ૪૯૦૯	રૂ. ૧.૦૦ લાખ	૯.૩૫% + ૨%(પેનલ વ્યાજ) વાર્ષિક	રૂ.૧૬,૭૭,૯૧૨.૦૦ મુળ રકમ + રૂ. ૨૯,૮૪૧.૩૧ લાગુ નહી કરેલ વ્યાજ + રૂ. ૦.૦૦ અનસવર્ડ વ્યાજ +રૂ. ૨૭૬૪.૦૦ ચકવૃદ્ધિ વ્યાજ = રૂ.૧૭,૧૦,૫૧૩.૩૧ વધારાનું વ્યાજ અને તેના પરનું અન્ય ચાર્જીસ	ઈકવીટેબલ મોર્ગેજ કરેલ પ્લોટ નં. મીરા રો હાઉસ, સાંઈ આર્કેડ નજીક, રંગોલી ચોકડી, સાયણ, કઠોર રોડ, વેલંજા, કામરેજ, સુરત ખાતે રજીસ્ટ્રીશ દ્વારા તા.૦૭.૦૨.૨૦૨૩ ના ટાઈટલ ડીડ ઈન્સ્ટ્રુમેન્ટ રજીસ્ટર નં. ૨૫૬૧ થી સબ રજીસ્ટ્રાર કચેરી કામરેજ, જી. સુરત ખાતે આવેલ છે.
કુલ	રૂ. ૧.૦૦ લાખ		રૂ.૧૭,૧૦,૫૧૩.૩૧ વધારાનું વ્યાજ અને તેના પરનું અન્ય ચાર્જીસ	

મિલકતની વિગત : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત 'મીરા રો હાઉસ' નો પ્લોટ નં. ૨ (કેજેપી પછીનો પ્લોટ નં. ૩૪૬/૨) માપ ૮૪.૩૩ ચો.વાર એટલે ૭૦.૫૧ ચો.મી, આશરે વણવહેચાયેલ હિસ્સા ૨૭.૫૩ સાથે, રોડ, રસ્તા અને ૧૦.૧૯ ચો.મીટર સીઓપી કુલ માપ ૧૦૮.૨૩ ચો.મી બાંધકામ જમીન રેવન્યુ સર્વે ન. ૩૭૧, બ્લોક ન, ૩૪૬ માપ ૧૭૧૨૪ ચો.મીટર મોજે ગામ.વેલંજા, તા. કામરેજ, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતૂર્દિશા : **ઉત્તર તરફ** : રોડ, **દક્ષિણ તરફ** : કોમન ખુલ્લી જગ્યા, **પૂર્વ તરફ** : પ્લોટ નં.૩, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં.૧, આવેલ છે.

૨. દસ્તાવેજ મુજબ તમે **તા.૦૭.૦૨.૨૦૨૩** ના રોજના **રૂ.૧૮,૦૦,૦૦૦/–** ની જવાબદારી સ્વીકારી છે. બેંકની ગાઈડલાઈન મુજબ બાકી રકમ ચાર્જીસ સ્વીકારેલ છે.

૩. તમે જાણો છો તમે અમારી **એલ.એચ રોડ શાખા, સુરત ખાતે લોન એકાઉન્ટ નં. ૫૮૮૯૦૬૦૦૦૧૪૦૨૪** ધરાવતા તમારા પર્સનલ લોન એકાઉન્ટમાં કસુર કર્યો છે. **તા.૦૮.૦૯.૨૦૨૫** ના રોજ તમારો લોન એકાઈન્ટ નોન–પરફોર્મીંગ એસેટ (એનપીએ) તરીકે વર્ગીકૃત કરેલ છે. તમારો લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૦૮.૦૯.૨૦૨૫** ના રોજ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ સહિત. અને **તા.૦૭.૦૬.૨૦૨૫ ના રોજ** અને ત્યાર બાદ લોનના હપ્તા/બાકી રકમ ચુકવવામાં પણ કસુર કર્યો છે.

૪. તમે કરેલ કસુર બદલ તમારો ટર્મ લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૦૬.૦૯.૨૦૨૫** ના રોજ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ સહિત.

૫. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. તમારૂં લોન ખાતું રીઝર્વ બેંક ઓફ ઈન્ડયાની જોગવાઈ મુજબ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. અમારી માંગણાની વારંવારની વિનંતી છતાં તમે ઓવરડયુ લોન તેના ઉપરના વ્યાજ સાથે ચુકવ્યા નથી. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પરેપુરી રકમ જમા કરાવી સીસી/ટર્મ લોન ખાતામાં બેંક પ્રત્યેની **રૂા.૧૭,૧૦,૫૧૩.૩૧ (અંકે રૂપીયા સત્તર લાખ દસ હજાર પાંચસો સત્તર અને એકત્રીસ પૈસા પુરા) + વધારાનું વ્યાજ અને તેના પરનું અન્ય ચાર્જીસ** ની જવાબદારી માં જણાવ્યા મુજબ આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે.

૬. કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે.

૭. તમારૂ ધ્યાન આ ધારાની કલમ ૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્ય ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.

૮. **વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.**

૯. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છૂટ રાહત કે છૂટછાટ ક્યાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા. ૧૧.૧૨.૨૦૨૫,સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ખાંડ બજાર શાખા

બૈંક ઑફ બડૌદા Bank of Baroda

ખાંડ બજાર શાખા : વરાછા પોલીસ સ્ટેશન સામે, વરાછા રોડ, સુરત. ફોન નં.(૦૨૬૧) ૨૫૪૪૫૮૫ E-Mail Id : khasur@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ દેવાદાર ને નોટીસ

પ્રતિ, **૧. શ્રી અનીલકુમાર જયસુખભાઈ પટોલીયા (દેવાદાર અને ગીરવેદાર), અને ૨. શ્રીમતી અનીતાબેન પટોલીયા (સહ–દેવાદાર અને અને ગીરવેદાર) :**
(એ) પ્લોટ નં. ૪૦, શુભ રેસીડન્સી, પ્લોટ નજીક, શીવ રેસીડન્સી સામે, વેલંજા, ગોથાન, સુરત– ૩૯૪૧૦૫.

મહેરબાનશ્રી,
વિષય : અમારી ખાંડબજાર શાખા માંથી મેળવેલ ક્રેડીટ સુવિધા.

અમારા **તા.૦૮.૦૭.૨૦૨૧ અને ૨૫.૦૪.૨૦૨૪** ના રોજના પત્ર ક્રમાંક : Retail-00002542446-LMS & Retail-00000888292-LMS માં જણાવ્યા મુજબ બેંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારી ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોકત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ	વ્યાજનો દર	૦૭.૧૨.૨૦૨૫ના રોજની બાકી	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
બરોડા હોમ લોન ખાત નં. ૦૭૩૯૦ ૬૦૦૦૦ ૩૧૫૨	રૂા.૧,૨૭, ૨૫૮.૦૦	૯.૩૫% + ૨%(પેનલ વ્યાજ) વાર્ષિક	રૂા.૧૪,૦૮,૯૯૮.૦૦ મુળ રકમ + રૂા. ૬૭,૪૪૨.૧૬ લાગુ નહી કરેલ વ્યાજ + રૂા.૮૭૬૨.૮૨ અનસવર્ડ વ્યાજ +રૂા. ૪૦૪૭.૦૦ ચકવૃદ્ધિ વ્યાજ = રૂા.૧૪,૮૯,૨૪૯.૯૮ + વધારાનું વ્યાજ અને તેના પરનું અન્ય ચાર્જીસ	ઈકવીટેબલ મોર્ગેજ કરેલ પ્લોટ નં. ૪૦, શુભ રેસીડન્સી, ઈમરા, ઓલપાડ, સુરત ખાતે રજીસ્ટ્રશન દ્વારા તા.૨૯.૦૪.૨૦૨૪ ના ટાઈટલ ડીડ ઈન્સ્ટ્રમેન્ટ રજીસ્ટર નં. ૫૩૦૮ થી સબ રજીસ્ટ્રાર કચેરી સુરત–૯, અઠ્વામા, જી. સુરત ખાતે આવેલ છે.
બરોડા ટોપ અપ લોન ખાત નં. ૦૭૩૯૦ ૬૦૦૦૦ ૫૯૧૦	રૂા.૭,૦૦, ૦૦૦.૦૦	૧૦.૪૫% +૨% (પેનલ વ્યાજ) વાર્ષિક	રૂા.૬,૮૫,૬૭૮.૧૩ મુળ રકમ +રૂા. ૩૫,૮૫૧.૦૦ લાગુ નહી કરેલ વ્યાજ + રૂા. ૦.૦૦ અનસવર્ડ વ્યાજ +રૂા. ૨૧૯૯.૦૦ ચકવૃદ્ધિ વ્યાજ = રૂા.૭,૨૩,૭૨૦.૮૩૬ + વધારાનું વ્યાજ અને તેના પરનું અન્ય ચાર્જીસ	
કુલ	રૂા. ૨૫,૨૭, ૨૫૮/–		રૂા.૨૨,૧૨,૯૭૦.૮૧+ વધારાનું વ્યાજ અને તેના પરનું અન્ય ચાર્જીસ	

મિલકતની વિગત : તમામ હક, હિત અને સબંધ ધરાવતી સ્થાયી મિલકત 'શુભ રેસીડન્સી' મંજૂર થયેલ પ્લાન નો પ્લોટ નં. ૪૦ મંજૂર પ્લાનનું માપ ૬૬.૯૭ ચો.મીટર એટલે ૮૦ ચો.વાર ગ્રાઉન્ડ ફ્લોર ના બાંધકામ ઉપર નું માપ ૬૬.૯૭ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા ૫૪ ચો.મી સાથે, રોડ અને સીઓપી જમીન નો નવો બ્લોક ન, ૩૯/એ માપ ૩૬૬૧૫ ચો.મીટર મોજે ગામ.ઉમરા, તા. ઓલપાડ, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો પ્લોટ નં.૨૩+૨૪, **પશ્ચિમ તરફ** : જોડેનો સોસાયટી રોડ,**ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં. ૩૯, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં. ૪૧ આવેલ છે.

૨. દસ્તાવેજ મુજબ તમે **તા.૦૮.૦૭.૨૦૨૧ અને ૨૫.૦૪.૨૦૨૪** ના રોજના **રૂા.૨૫,૨૭,૨૫૮/–** ની જવાબદારી સ્વીકારી છે. બેંકની ગાઈડલાઈન મુજબ બાકી રકમ ચાર્જીસ સ્વીકારેલ છે.

૩. તમે જાણો છો તમે અમારી **સાયણ શાખા, સુરત ખાતે પર્સનલ લોન એકાઉન્ટ નં. ૦૨૭૯૦૬૦૦૦૦૬૬૯૭** ધરાવતા તમારા પર્સનલ લોન એકાઉન્ટમાં કસુર કર્યો છે. **તા.૦૯.૦૭.૨૦૨૫** ના રોજ તમારો લોન એકાઈન્ટ નોન–પરફોર્મીંગ એસેટ (એનપીએ) તરીકે વર્ગીકૃત કરેલ છે. તમારો લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૦૯.૦૭.૨૦૨૫** ના રોજ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ સહિત. અને **તા.૧૦.૦૪.૨૦૨૫ ના રોજ** અને ત્યાર બાદ લોનના હપ્તા/બાકી રકમ ચુકવવામાં પણ કસુર કર્યો છે.

૪. તમે કરેલ કસુર બદલ તમારો ટર્મ લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૦૯.૦૭.૨૦૨૫** ના રોજ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ સહિત.

૫. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. તમારૂં લોન ખાતું રીઝર્વ બેંક ઓફ ઈન્ડયાની જોગવાઈ મુજબ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. અમારી માંગણાની વારંવારની વિનંતી છતાં તમે ઓવરડયુ લોન તેના ઉપરના વ્યાજ સાથે ચુકવ્યા નથી. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પરેપુરી રકમ જમા કરાવી સીસી/ટર્મ લોન ખાતામાં બેંક પ્રત્યેની **રૂા.૨૨,૧૨,૯૭૦.૮૧ (અંકે રૂપીયા બાવીસ લાખ બાર હજાર નવસો સીત્તેર અને એકયાંસી પૈસા પુરા) + વધારાનું વ્યાજ અને તેના પરનું અન્ય ચાર્જીસ** ની જવાબદારી માં જણાવ્યા મુજબ આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે.

૬. કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે.

૭. તમારૂ ધ્યાન આ ધારાની કલમ ૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્ય ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.

૮. **વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.**

૯. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છૂટ રાહત કે છૂટછાટ ક્યાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા. ૧૧.૧૨.૨૦૨૫,સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ખાંડ બજાર શાખા

-:: સંબંધ વિચ્છેદની જાહેર નોંધ ::-

આથી આ જાહેર ચેતવણીથી જાહેર જનતા તથા લાગતા વળગતા જોગ જણાવવાનું કે,

બાજુમાં દર્શાવેલ ફોટાવાળા વ્યકિત : **નિલેશ ધીરૂભાઈ નાકરાણી,** રહે. સુરત, જે મારા અસીલ મનીષ ધીરૂભાઈ નાકરાણી, રહે.સુરત, નો ભાઈ છે. જે મારા અસીલને તેઓના ભાઈ નિલેશ અને તેમના પરિવાર સાથે હવે કોઈપણ પ્રકારની લેવાદેવા કે સંબંધ રહયો નથી, અને આજ દીનથી તેઓની સાથે કોઈપણ પ્રકારના સામાજિક, કૌટુંબિક કે નાણાકીય (આર્થિક) વ્યવહાર નથી. જો તેઓ કોઈપણ વ્યકિત કે સંસ્થા સાથે કોઈપણ પ્રકારની લેણી–દેણી કે વ્યવહાર કરે અને કોઈપણ પગલું ભરે, તો તેના માટે હું કે મારો પરિવાર કે મારા અસીલ કે મારા અસીલના માતા (ભાનુબેન ધીરૂભાઈ નાકરાણી) જવાબદાર રહેશે નહી. જેની તમામ લાગતા વળગતાઓએ નોધ લેવી. સુરત. તા.૧૭/૦૧/૨૦૨૫

ઓફીસ : ચુ-૧૦/૧૧, ડાયમંડ વર્લ્ડ, મીની બજાર, વરાછા રોડ, સુરત. મો.નં. ૮૪૬૯૫ ૬૯૬૬૬ — **પિયુષ બલર** તે મનીષ ધીરૂભાઈ નાકરાણી, ના એડવોકેટ

મિલકત વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થકી જણાવવાનુ કે સુરત ડીસ્ટ્રીકટ મજુરા સબ-ડીસ્ટ્રીકટના મોજે વેસુના રે. સર્વે નં. ૨૫૩, રી. સર્વે નં. ૧૫૨/૧ જેને ટી.પી. સ્કીમ નં. ૫ (વેસુ-ભીમરાડ) ઓરીજીનલ પ્લોટ નં. ૭૮ અને ફાયનલ પ્લોટ નં. ૬૮ તથા રે. સર્વે નં. ૨૫૧, રી. સર્વે નં. ૧૫૧/૨ તથા રે. સર્વે નં. ૨૫૪, રી. સર્વે નં. ૧૫૨/૨ તથા રે. સર્વે નં. ૨૫૫, રી. સર્વે નં. ૧૫૨/૩ જેનો ટી.પી. સ્કીમ નં. ૫ (વેસુ-ભીમરાડ) લાગુ પડતા ઓરીજીનલ પ્લોટ નં.૮૦ અને ફાયનલ પ્લોટ નં. ૭૦/૧ વાળી ૬૨૮૪-૦૦ ચો.મી. વાળી બીનખેતીની જમીન મળી કુલ ૧૨૩૨૯-૦૦ ચો.મી. જમીનમાં બાંધવામાં આવેલ "ઓફીરા પીક" ના બિલ્ડીંગ નં. 'સી' ના અઢારમા માળે આવેલ ફ્લેટ નં. સી/૧૮૦૬ વાળી મિલકત કે જેનો બિલ્ટઅપ એરીયા ૧૪૪- ૭૬ ચો.મી. અને કાર્પેટ એરીયા : ૧૩૫-૫૯ ચો.મી.વાળી મિલકત હાલ મહેશભાઈ પરભુભાઈ પટેલ નાઓના નામે ચાલે છે.એમ જણાવી તેઓ સદર મિલકત અમારા અસીલને વેચાણ કરવા માંગે છે. તેઓએ અમારી પાસેથી ટાઇટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી કરી જણાવેલ છે કે સદર મિલકત બાબતે કોઇને કોઇપણ પ્રકારનો હક્ક-હિસ્સો કે ચાર્જ-બોજો, વાંધા-વિરોધ, કબજો-બોજો કરાર સાટાખત, વગેરે હોય તો સદર નોટીસ પ્રસીધ્ધ થયે દીન-૭ માં વાંધા તથા દસ્તાવેજી પુરાવાઓ સાથે અમોને જાણ કરવી. અન્યથા સદરહુ મિલકતમાં હીત ધરાવનારાઓએ સદર મિલકત પરત્વેના પોતાના તમામ હક્ક-અધીકારો જતા કરેલા છે. એમ માનીને અમારા અસીલ સદર મિલકતનો વેચાણ વહીવટ કરાવી લેશે. ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહી. જેની સર્વેએ નોંધ લેવી.

સ્થળ:-સુરત, તા. ૧૬/૦૧/૨૦૨૫

એડ્રેસ:- ૧૦૯, જલ દર્શન ટાવર, બહુમાળી પાસે, નાવડી ઓવારા સામે, નાનપુરા, સુરત. મો: ૯૯૦૯૭ ૮૧૪૯૧ — **મનોજકુમાર ડી. તારપરા** (એડવોકેટ એન્ડ નોટરી)

વેચાણ અંગેની જાહેર નોટીસ

મોજે કુંભાર ફળિયા, તા.નવસારી, જી. નવસારીમાં આવેલ ખેતીની જમીન કે જેનો કુંભાર ફળિયા ગામના રેવન્યુ દફતરે જુનો બ્લોક નં. ૫૮ કે જેનો પ્રમોલગેશન બાદ નવો રી.સર્વે/બ્લોક નં.૧૧૯ છે કે જેનું ક્ષેત્રફળ ૦ હેકટર ૦૮ આરે ૭૧ ચો.મી. યાને ૮૭૧ ચો.મી. છે, કે જેનો આકાર રૂા. ૧-૨૪ પૈસા છે તથા ખાતા નંબર : ૬૨૯ છે કે જે જૂની શરતની ખેતીની જમીનના માલિક જયંતિભાઈ ભાણાભાઈએ સદરહુ જમીનના ટાઈટલ ચોખ્ખે ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી તથા સદરહુ જમીનના સંપૂર્ણ માલિક, મુખત્યાર, કબજેદાર, ભોગવટેદાર હોવાનું જણાવી અમારા અસીલને વેચાણથી આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીન બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો કે તર-તકરાર કે કબજો હોય કે કોઈને કોઈપણ પ્રકારના વાંધા, વિરોધ, અવરોધ કે અટકાયત હોય અગર કોઈ બેંક કે સહકારી સંસ્થાઓનો બોજો હોય અગર અન્ય પ્રકારના ઈજમેન્ટના હકકો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખિતમાં પુરાવા સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો મુદ્દત વિત્યેથી કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિત, હિસ્સો નથી અથવા હોય તો જતા કરેલ છે એમ માની અમારા અસીલ સદરહુ જમીનના વેચાણને લગતી કાર્યવાહી પૂરી કરશે અને વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-વિરોધ, અવરોધ કે હરકત ચાલશે નહીં અને જો કરશે તો તે આ જાહેર નોટીસથી રદબાતલ ગણાશે. જેની જાહેર જનતાએ આ લેખટની લેખિત નોંધ લેવી. તા.૧૭-૧-૨૦૨૬

(જયંતિભાઈ ભાણાભાઈ)

દલસુખ સી. પટેલ મોબાઈલ નં. ૯૮૭૯૭ ૬૭૭૪૯ — તથા — **કલ્પેશ બી. ધોન્ડે** મોબાઈલ નં. ૯૯૭૯૯ ૮૩૮૩૩

તે ખરીદનારના એડવોકેટ

ઓફિસ : ૨, પહેલો માળ, ઉર્મિ એપાર્ટમેન્ટ, અથુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧.

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, મોજે : વેસુના સર્વે નં.૨૫૨, નવા રેવન્યુ સર્વે નં. ૧૫૧/૧ થી નોંધાયેલી જમીન કે જેનો સમાવેશ પ્રીલીમનરી ટી.પી. સ્કીમ નં.૫, એફ.પી.નં. ૬૭ તથા ૭૭ ઉપર આયોજીત કરવામાં આવેલ મેસર્સ મારવેલા કોપરેશન દ્વારા બાંધવામાં આવેલ મારવેલા કોરીડોર માં બીજા માળ ઉપર આવેલ ઓફિસ નં. ૩૦૨ વાળી મીલકતના માલિક મેસર્સ મારવેલા કોપરેશન એક ભાગીદારી પેઢી પાસેથી શ્રી દર્શિન ચીમનલાલ પટેલએ રજી.વેચાણ દસ્તાવેજ નં. ૨૫૯૮ થી તા.૦૯-૦૨-૨૦૧૮ ના રોજ ખરીદ કરેલ. સદરહુ મીલકત પોતાની સ્વતંત્ર માલિકી, કબજા ભોગવટા, વહીવટવાળી હોવ